પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૩૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૨-૨૦૨૪ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## લોકસભા ચૂંટણી પછી નવી સરકાર બન્યા બાદ ભારત દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે : વડાપ્રધાન

નવીદિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ૫ ફેબ્રુઆરીના રોજ લોકસભામાં સંબોધન કર્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર ગૃહને સંબોધિત કરતી વખતે, તેમણે વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા હતા.પીએમ મોદીએ કહ્યું કે, હું વિપક્ષના નિર્ણયની પ્રશંસા કરું છું. તેનાથી મારો અને દેશનો આત્મવિશ્વાસ મજબૂત થયો છે. તેમણે લાંબા સમય સુધી ત્યાં રહેવાનો સંકલ્પ કર્યો છે. હવે, જેમ તમે ઘણા દાયકાઓથી અહીં બેઠા હતા, તેમ જનતા તમારા ઘણા દાયકાઓ સુધી બેસીને સંકલ્પ કરશે.

નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તમે લોકો જે રીતે આ દિવસોમાં મહેનત કરી રહ્યા છો. હું દ્રઢપણે માનું છું કે જનતા તમને ચોક્કસપણે આશીર્વાદ આપશે. તમે જે ઊંચાઈ પર છો તેના કરતાં તમે ચોક્કસપણે વધુ ઊંચાઈ પર પહોંચશો.

આ દરમિયાન નરેન્દ્ર મોદીએ મોટી ગેરેન્ટી આપતા કહ્યુ કે લોકસભા ચૂંટણી પછી અમારી નવી સરકાર બન્યા બાદ ભારત દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે. તે સમયે એક મહાન અર્થશાસ્ત્રીએ કહ્યું હતું કે, ૩૦ વર્ષ બાદ આપણે ત્રીજા સ્થાને પહોંચીશું. મતલબ કે વર્ષ ૨૦૪૪ સુધીમાં આપણે ત્રીજા સ્થાને પહોંચ્યા હોત. પરંતુ આજે અમે આત્મવિશ્વાસ સાથે તમારી સામે ઊભા છીએ અને ખાતરી આપીએ છીએ કે અમે તેને ૩૦ વર્ષ નહીં લાગવા દઈએ. મારા ત્રીજા કાર્યકાળમાં ભારતની અર્થવ્યવસ્થા ત્રીજા નંબરે આવશે.



અમે કહીએ છીએ કે આપણે વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ બનીને ઉભરીશું, ત્યારે વિપક્ષી મિત્રો કેવા કુતર્કો આપે છે, તેઓ કહે છે કે તેમાં શું છે, તે પોતાની મેળે જ થશે. હું માત્ર ગૃહ દ્વારા દેશને જણાવવા માંગુ છું કે સરકારની ભૂમિકા શું છે. સમગ્ર વિશ્વ ભારતની મજબૂત અર્થવ્યવસ્થાની પ્રશંસા કરી રહ્યું છે.જી૨૦ સમિટમાં દુનિયા ભારત માટે શું કહે છે અને શું કરે છે તે આખી દુનિયાએ જોયું છે. આજે મજબૂત અર્થવ્યવસ્થાને જોતા હું વિશ્વાસ સાથે કહું છું કે અમારા ત્રીજા કાર્યકાળમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. આ મોદીની ગેરંટી છે.

પીએમ મોદીએ વિપક્ષને આડે હાથ લઈને તેમના પર કટાક્ષ કર્યો હતો. વિપક્ષે જે સંકલ્પ કર્યો છે તેની હું પ્રશંસા કરુ છું. આનાથી મારા અને દેશના આત્મવિશ્વાસ પાક્કો થયો છે કે તેમણે લાંબા સમય સુધી વિપક્ષમાં રોકાવાનો સંકલ્પ કર્યો છે જે રીતે તમે ઘણા દાયકાઓથી અહીં બેઠા હતા, તેવી જ રીતે હવે લોકો પણ ઘણા દાયકાઓ સુધી ત્યાં બેસવાનો તમારો સંકલ્પ પૂરો કરશે. મોદીએ કહ્યું કે, આજકાલ તમે (વિપક્ષ) જે રીતે મહેનત કરી રહ્યા છો. મને ખાતરી છે કે જનતા તમને ચોક્કસપણે આશીર્વાદ આપશે. અને તમે ચોક્કસ પણે અમારા કરતા વધુ ઊંચાઈએ પહોંચશો અને આગામી ચૂંટણીમાં તમે વિઝીટર ગેલેરીમાં જોવા મળશો.પીએમ મોદીએ ફરી એકવાર વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું કે, ક્યાં સુધી વિપક્ષ સમાજમાં ભાગલા પાડતો રહેશે. આ લોકોએ દેશને ખૂબ જ તોડી નાખ્યો છે. આજે ચૂંટણીનું વર્ષ છે, આપણે સખત મહેનત કરીએ. કંઈક નવું લાવો.

પરિવારવાદ પર મોટો કટાક્ષ કરતાં પીએમ મોદીએ કહ્યું કે દેશ જેટલો પરિવારવાદનો ભોગ બન્યો છે, તેટલું જ નુકસાન ખુદ કોંગ્રેસે પણ સહન કર્યું છે. પરિવારવાદની તો સેવા કરવી પડે. ખડગે આ ગૃહમાંથી તે ગૃહમાં ગયા. ગુલામ નબી પાર્ટીમાંથી શિફ્ટ થઈ ગયા. આ બધા પરિવારવાદનો ભોગ બન્યાં છે. એક જ પ્રોડક્ટને ફરી ફરીને લોન્ચ કરવાની પ્રક્રિયામાં કોંગ્રેસને પોતાની દુકાન લોક કરવાનો વારો આવ્યો છે. કોંગ્રેસ પાસે સારા વિપક્ષ બનવાની મોટી તક હતી. દસ વર્ષ ઓછા નથી. પણ એ જવાબદારી પૂરી કરવામાં નિષ્ફળ નીવડ્યો. વિપક્ષમાં કેટલાક સારા લોકો છે, તેઓએ તેમને ઉભરવા પણ દીધા નહોતા.વિપક્ષના સભ્યોએ વિરોધ કર્યો ત્યારે મોદીએ કહ્યું કે, તમને પણ તક મળી હતી. પરંતુ દેશના લોકો માટે કઈ ખાસ કર્યું નથી. વડાપ્રધાન મોદીએ સંસદમાં બોલતા કહ્યું કે, કોંગ્રેસે કેન્સલ કલ્ચર શરુ કર્યું છે. તેઓ તેમા ફસાઈ ગયા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે હું ખાસ કરીને વિપક્ષ દ્વારા લેવામાં આવેલા ઠરાવની પ્રશંસા કરું છું. તેમના ભાષણના દરેક શબ્દે મારા અને દેશ પ્રત્યેના આત્મવિશ્વાસની પુષ્ટિ કરી છે કે તેમણે લાંબા સમય સુધી ત્યાં રહેવાનો સંકલ્પ કર્યો છે. જેમ તમે ઘણા દાયકાઓ સુધી અહીં (સત્તામાં) બેઠા હતા, તેમ તમે ઘણા દાયકાઓ સુધી ત્યાં (વિરોધ) બેસવાનો સંકલ્પ કર્યો છે. લોકકલ્યાણ એ ભગવાનનું સ્વરૂપ છે.

તેમણે કહ્યું કે, આ દિવસોમાં તમે (વિપક્ષ) લોકો જે રીતે મહેનત કરી રહ્યા છો, મને દ્રઢપણે વિશ્વાસ છે કે ભગવાનના રૂપમાં લોકો તમને ચોક્કસપણે આશીર્વાદ આપશે. તમે જે ઉંચાઈ પર છો તેના કરતા તમે ઉંચા જશો અને વ્યુઈંગ ગેલેરીમાં જોઈ શકશો. પીએમ મોદીએ વધુમાં કહ્યું, "હું જોઉં છું કે તમારામાંથી ઘણાએ ચૂંટણી લડવાની હિંમત ગુમાવી દીધી છે. મેં સાંભળ્યું છે કે ગયા વખતે પણ ઘણા લોકોએ તેમની સીટ બદલી હતી અને આ વખતે પણ તેઓ તેમની સીટ બદલવાની યોજના બનાવી રહ્યા છે.




## ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા, ૪૭૫ માર્ગો બંધ, ફ્લાઈટો રદ

નવીદિલ્હી,
હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીરમાં ભારે હિમવર્ષા અને વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ સાથે કાશ્મીરમાં હિમસ્ખલનની ચેતવણી જાહેર કરવામાં આવી છે. પહાડી વિસ્તારોમાં લાંબી પ્રતીક્ષા બાદ હિમવર્ષા થઈ રહી છે, પરંતુ તે હવે સામાન્ય જનજીવન માટે મુશ્કેલી સર્જી રહી છે. જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષાને કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું અને ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. એટલું જ નહીં વાહનોની અવરજવર માટે વિવિધ રસ્તાઓ બંધ કરવા પડ્યા હતા.



સુત્રોના જણાવ્યા અનુસાર હિમવર્ષાને કારણે શ્રીનગર એરપોર્ટ પર તમામ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, જ્યારે જમ્મુના રામબન જિલ્લામાં સવારે લગભગ ૧૧.૧૫ વાગ્યે ભૂસ્ખલનને કારણે ૨૭૦ કિલોમીટર લાંબા જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પરનો ટ્રાફિક લગભગ ચાર કલાક સુધી ખોરવાઈ ગયો હતો. હિમાચલ પ્રદેશમાં તાજી હિમવર્ષા અને વરસાદ પછી પાંચ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૪૭૫ રસ્તાઓ વાહનો માટે બંધ કરી દેવામાં આવ્યા છે. રાજ્યના ઘણા વિસ્તારોમાં દિવસભર આકાશ ગાઢ વાદળછાયું રહ્યું હતું અને ઓછી વિઝિબિલિટીના કારણે વાહનોની અવરજવરને અસર થઈ હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર શિમલામાં ૧૬૧, લાહૌલ-સ્પીતિમાં ૧૫૭, કુલ્લુમાં ૭૧, ચંબામાં ૬૯ અને મંડી જિલ્લામાં ૪૬ રસ્તાઓ બંધ છે. ઉત્તરાખંડમાં રવિવારે ઊંચા વિસ્તારોમાં તાજી હિમવર્ષા અને નીચલા વિસ્તારોમાં વરસાદ બાદ તીવ્ર ઠંડી ચાલુ રહી હતી. ઉત્તરાખંડના બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમુનોત્રી, હેમકુંડ, ઔલી, દેહરાદૂનના ચકરાતા અને ઉત્તરકાશી જિલ્લાના ચૌરાંગીખાલ અને નચિકેતા તાલમાં હિમવર્ષા થઈ હતી.આ સિવાય શનિવારે રાત્રે દેહરાદૂન સહિત રાજ્યમાં ઘણી જગ્યાએ વરસાદ પડ્યો હતો. સત્તાવાળાઓએ કાશ્મીરના પહાડી વિસ્તારો માટે હિમપ્રપાતની ચેતવણી જાહેર કરી છે અને સ્થાનિક રહેવાસીઓને આગામી ૨૪ કલાક માટે બિનજરૂરી હિલચાલ ટાળવા વિનંતી કરી છે.

## સામાજિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની નિર્ણય લેવાની ક્ષમતામાં વધારો કરે છે : રઘુરામ રાજન

નવીદિલ્હી,
અભ્યાસની સાથે સામાજિક પ્રવૃતિઓ વિદ્યાર્થીઓની નિર્ણય લેવાની ક્ષમતામાં વધારો કરે છે. ઉદ્યોગસાહસિક બન્યા પછી તેઓ દરેક બાબતનો ઉકેલ શોધે છે. આ વાતો આરબીઆઇના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને આઇઆઇટી દિલ્હીની વાર્ષિક કોન્ફરન્સ બીકન-૨૦૨૪ના પ્રથમ સત્રને સંબોધિત કરતી વખતે કહી હતી. તેમણે વિદ્યાર્થીઓને આરબીઆઈના ગવર્નર હતા ત્યારે તેમને જે પડકારોનો સામનો કરવો પડ્યો હતો તે વિશે જણાવ્યું.

આઈઆઈટી દિલ્હીના સુવર્ણ ચંદ્રક વિજેતા રઘુરામ રાજને જણાવ્યું હતું કે તેમના અભ્યાસ દરમિયાન તેમણે વિદ્યાર્થી બાબતોની પરિષદના જનરલ સેક્રેટરીની જવાબદારી નિભાવી હતી, જેણે તેમની નેતૃત્વ ક્ષમતાઓને સન્માનવામાં મદદ કરી હતી. આરબીઆઈના ગવર્નર રહીને તેમણે ફુગાવાને કાબૂમાં રાખવાની સાથે અર્થતંત્રને મજબૂત કરવાના કામ અંગે ચર્ચા કરી હતી. તેણે પોતાના પુસ્તક બ્રેકિંગ ધ મોલ્ડ વિશે પણ વાત કરી.આઈઆઈટી દિલ્હીના આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ સેલના પ્રમુખ સમીર અક્ષરે ચર્ચા સત્રનું સંચાલન કર્યું હતું.

તેમણે પૂર્વ આરબીઆઈ ગવર્નરના એક પછી એક અનેક સવાલોના જવાબ આપ્યા. બીકન-૨૦૨૪ના છેલ્લા દિવસે, 'નવા સ્ટાર્ટઅપ્સ સાથે જૂના વ્યવસાયો કેવી રીતે સફળ થઈ શકે' વિષય પર એક મહત્વપૂર્ણ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. મિતુલ પટેલ, પ્રમુખ, વાધવાણી ફાઉન્ડેશન, રામ કૃષ્ણન, ભૂતપૂર્વ જીએમડી, પોલિકેબ ગ્રુપ લિમિટેડ, અમિત કુમાર અગ્રવાલ, સ્થાપક, નોબ્રોકર સત્રમાં ભાગ લીધો હતો. આ પછી આઈઆઈટી દિલ્હીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કંપનીઓ શરૂ કરી હતી, તેઓએ વિવિધ સત્રોમાં વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી.

ચાયોસના સ્થાપક રાઘવ વર્મા, ઑફબિઝનેસના સ્થાપક નીતિન જૈન અને આઈવીવાયના સ્થાપક વિક્રમ ગુપ્તા સહિત અન્ય ઘણા લોકો સામેલ હતા. આઈઆઈટીના વરિષ્ઠ વિદ્યાર્થી અને બીકનના માર્ગદર્શક અમર દીક્ષિતે જણાવ્યું હતું કે છેલ્લા દિવસે પણ વિદ્યાર્થીઓએ સ્ટાર્ટઅપ એક્સપોમાં ભાગ લીધો હતો. જવાબદાર AI વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# મહીસાગર જીલ્લાની બે દીકરીઓએ સ્પેશિયલ ઓલિમ્પિક્સ ફ્લોરબોલની રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

મહિસાગર, નવી દિલ્હી ખાતે તાજેતરમાં યોજાયેલ સ્પેશિયલ ઓલિમ્પિક્સની ફ્લોર બોલની રમતમાં ગુજરાતની ટીમની સાત મનોદિવ્યાંગ દીકરીઓએ ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર દેશમાં ગૌરવશાળી સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિમાં મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના વડાગામ કલસ્ટરની બે દીકરીઓના ઉજ્જ્વલ પ્રદર્શનનો સમાવેશ હોવાથી રાષ્ટ્રીય કક્ષાએ જીલ્લાનું નામ રોશન કરવા બદલ શુભેચ્છાઓની વર્ષા થઇ રહી છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થા સ્પેશ્યલ ઓલિમ્પિક્સ દ્વારા માનસિક-ક્ષતિ ધરાવતા બાળકો કે વ્યક્તિઓને વિવિધ રમતોની તાલીમ આપીને જુદી-જુદી હરિફાઈ માટે તૈયાર કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા રમતવીરોને તેમની શારીરિક ક્ષમતા વધારવાની તકો મળે તેમજ તેમની હિંમતનું પ્રદર્શન કરી શકે અને રમતના આનંદનો અનુભવ કરી શકે સાથે સાથે તેમની અંદર રહેલી ક્ષમતાઓ,



આવડતોની આપ-લે બીજા રમતવીર સાથે કરી શકે અને તેમને સમાજ સાથે એકરૂપ થવાની સમાન તકો પ્રાપ્ત થાય તેવા ઉમદા પ્રયત્નો કરવામાં આવે છે. સ્પેશિયલ ઓલિમ્પિક્સ દ્વારા ન્યુ દિલ્હી ખાતે ફલોરબોલ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહીસાગર જીલ્લાની બે એથલીટની પસંદગી થઇ હતી. ફ્લોર બોલની રમતમાં ભારતના ચૌદ રાજ્યોની ૯૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાં ગુજરાત રાજ્યની ફ્લોર બોલની ટીમની સાત દિકરીઓએ ગોલ્ડ મેડલ જીતીને સમગ્ર દેશમાં નામ રોશન કર્યું છે. આ ટીમમાં મહીસાગર જીલ્લાની વડાગામ કલસ્ટરની બે એથલીટ વિરણીયા (ગાંગટા) ગામની સુમિત્રાબેન છગનભાઇ ખાંટ અને વડાગામની દિકરી શર્મિષ્ઠાબેન નરેશભાઈ પગીનો સમાવેશ થાય છે.

જીલ્લા સેવા સદન ખાતે કલેકટર નેહાકુમારીએ સિદ્ધિ પ્રાપ્ત કરનાર આ બંને દીકરીઓ સુમિત્રાબેન ખાંટ અને શર્મિષ્ઠાબેન પગીની હિંમત અને ક્ષમતાને બિરદાવી હતી તેમના કોચ રમેશકુમાર દિનેશચંદ્ર સોલંકી, ગ્રોથ એન્ડ ડેવલોપમેન્ટ મેનેજર બાબુભાઈ પરમાર સહીત સમગ્ર ટીમને ગુજરાત રાજ્ય અને મહીસાગર જીલ્લાનું નામ રોશન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને મોં મીઠું કરાવ્યું હતું. તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ આગામી વર્ષ ૨૦૨૫માં ઇટલી ખાતે યોજાનાર સ્પેશીયલ ઓલિમ્પિક્સમાં તક મેળવી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર મહીસાગર જીલ્લા વહીવટીતંત્ર સહીત જીલ્લા શિક્ષણાધિકારી નેલેશકુમાર મુનીયા,જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. અવનીબા મોરી, બીઆરસી કો.ઓ. રૂપેશ ઉપાધ્યાય, જીલ્લા કો.ઓ. રમણભાઈ, દિવ્યાંગ બાળકોના શિક્ષકોએ આ બંને દીકરીઓ અને તેમના કોચ, મેનેજરને અભિનંદન સાથે પ્રગતિમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

## લીમડીમાં ટેન્કર ચાલકે ઘર બહાર પાર્ક કરેલ ફોરવ્હીલ અને બાઈકને અડફેટમાં લઈ નુકશાન કર્યું

દાહોદ, દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં એક ટેન્કરમાં ચાલકે ઘરની બહાર પાર્ક કરેલ એક ફોરવીલર ગાડી તેમજ એક મોટરસાયકલને અડફેટમાં લઈ બંને વાહનોને નુકસાન પહોંચાડતા સ્થાનિકોએ ટેન્કરના ચાલકને ઝડપી પાડી પોલીસના હવાલે કર્યો હોવાનું જાણવા મળે છે.

ગત તારીખ ૪ ફેબ્રુઆરીના રોજ લીમડી નગરના ગોધરા રોડ એક ટેન્કર ના ચાલે કે પોતાના કબજાનું ટેન્કર પૂર ઝડપે અને ગફલેટ ભરી રીતે હંકારી લાવી તે સમયે લીમડી ગોધરા રોડ તરફ રહેતા કિરીટકુમાર મગનભાઈ ચૌહાણ ના ઘરના આંગણે પાર્ક કરેલ એક બોલેરો ગાડી તેમજ એક ટુ વ્હીલર વાહનને અડફેટમાં લઈ બંને વાહનોને નુકસાન પહોંચાડ્યું હતું. અકસ્માત ને પગલે સ્થાનિકો સ્થળ પર દોડી આવ્યા હતા અને ટેન્કરના ચાલક પવન આશારામજી ઝાટવ (રહે.મધ્યપ્રદેશ) નાને ઝડપી પાડી તેને લીમડી પોલીસ મથકના હવાલે કરવામાં આવ્યો હતો.

આ સંબંધે કિરીટકુમાર મગનભાઈ ચૌહાણએ લીમડી પોલીસમાં થકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધાદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલ નિષ્ઠા વિદ્યામંદિર પાસે હુન્ડાઈ શો રૂમમાં ટોયલેટની બારી માંથી ચોર પ્રવેશી ૪૭,૩૦૦/-રૂા. રોકડાની ચોરી કરી જતાં ફરિયાદ

હાલોલ, હાલોલ-ગોધરા બાયપાસ રોડ નિષ્ઠા વિદ્યામંદિરની સામે હુન્ડાઈ શો રૂમમાં ટોયલેટની બારીની સ્લાઈડર કાઢી બારી માંથી અજાણ્યા ચોર ઈસમોએ શો રૂમમાં પ્રવેશ કરી તિજોરી તોડી કેસ બોક્સ માંથી રોકડા ૪૭,૩૦૦/-રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ ગોધરા બાયપાસ રોડ નિષ્ઠા વિદ્યામંદિરની સામે પ્રેસીડન્ટ હુન્ડાઈ શો રૂમમાં કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ટોયલેટની બારીની સ્લાઈડર કાઢી બારી માંથી અંદર પ્રવેશ કર્યો હતો અને શો રૂમમાં એકાઉન્ટ ઓફિસમાં મુકેલ તિજોરી કોઈ સાધનોથી તોડી હતી અને તિજોરીના કેસ બોક્સ તોડી તેમાંથી રોકડા ૪૭,૩૦૦/-રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

## બાર ગામ લેઉઆ પાટીદાર સમાજ દ્વારા ૧૪મો સમૂહ લગ્ન મહોસ્તવ યોજાયો



તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના દેવ ખાતે બાર ગામ લેઉઆ પાટીદાર સમાજ દ્વારા સમૂહ લગ્ન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમાજમાં લગ્ન સમયે તામજામ કરી ખોટા ખર્ચ કરતા પરિવારોને સમૂહ લગ્ન કાર્યક્રમોમાં જોડાવા અપીલ કરાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકાના દેવ ખાતે બાર ગામ લેઉઆ પાટીદાર સમાજ દ્વારા ૧૪ સમૂહ લગ્ન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નવ દંપીઓએ લગ્ન યોજાયા હતા. સાથે ધોરણ ૧૦ અને ૧૨ માં સારી ટકાવારી મેળવેલા તારલાઓને સમાજ દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે સમગ્ર કાર્યક્રમોમાં વિવિધ દાતાઓ દ્વારા કન્યાદાન, જમણવારનો ખર્ચો ઉઠાવવામાં આવ્યો હતો.

## હાલોલ વડાતળાવ કબુરતખાના પાસે બાઈક લોખંડની રેલીંગ સાથે અથડાતા ગંભીર ઈજાઓ

હાલોલ, હાલોલ તાલુકાના વળાતળાવ ક્બુતરખાના પાસેથી પસાર થતી બાઈકના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લઈાવી સ્ટીયરીંગ ઉપરના કાબુ ગુમાવી રોડ સાઈડમાં લોખંડની રેલીંગ સાથે અથડાવી પોતાના ઈજાઓ પહોંચાડતા ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ વડાતળાવ કબુતરખાના પાસેથી પસાર થતી બાઈક જીજે.૦૭.સીએન.૮૬૧૧ના ચાલક અશોકભાઇ વિક્રમભાઈ નાયક ઉ.વ.૩૫ (રહે. રવાલીયા)એ પોતાનું બાઈક પુરઝડપે હંકારી લાવી સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતાં રોડ સાઈડની લોખંડની રેલીંગ સાથે અથડાઈ જતાં પોતાને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચાડી હતી. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના વાલૈયા નવી વસાહતમાં ૩૦ વર્ષીય મહિલાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

ગોધરા, ગોધરા તાલુકાના વાલૈયા નવી વસાહત ગામે ૩૦ વર્ષીય મહિલાએ કોઈ કારણોસર પોતાના ઘરમાં સાડી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી લેતાં આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના વાલૈયા નવી વસાહત ગામે રહેતા શનાભાઈ મુંડવાડાની પત્ની સરીતાબેન ઉ.વ.૩૦એ ૩ ફેબ્રુઆરીના રોજ કોઇ કારણોસર પોતાના ઘરમાં સાડી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી નાખ્યું હતું. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# દાહોદ તાલુકા તેમજ જીલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

દાહોદ, દાહોદ જીલ્લાના તાલુકાદીઠ મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળનો ‘‘સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ’’ યોજાવામાં આવનાર છે. અરજદારોએ પોતાની અરજી તાલુકા કક્ષાએ https:// swagat.gujarat.gov.in/ citizenEntry.aspx? frm=ws પર તેમજ જીલ્લા કક્ષાની અરજી https:// swagat.gujarat.gov.in/ citizenEntry.Ds. aspx? Frm=ws પર તા. ૧૦-૦૨-૨૦૨૪ સુધીમાં ઓનલાઇન અરજી કરી શકશે.

દાહોદ જીલ્લાના અરજદારોની રજૂઆતોના સરળ નિરાકરણ અર્થે મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમની મળેલ સફળતા પછી નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાએ પ્રજાના પડતર પ્રશ્નોનો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાનો કાર્યક્રમ તા. ૨૧-૦૨-૨૦૨૪ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે તાલુકા સ્વાગત લાયઝન અધિકારીઓની હાજરીમાં યોજાશે તેમજ જીલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ ૨૨-૦૨-૨૦૨૪ ના રોજ યોજાશે.

જેથી સબંધિત તાલુકાના નાગરિકોએ તેઓના (સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી, પેન્શન સિવાયના) પ્રશ્નો લેખિતમાં તા.૧૦-૦૨-૨૦૨૪ સુધીમાં તાલુકા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરીઓમાં રૂબરૂ અથવા ઓનલાઈન રજૂ કરવાના રહેશે.

અરજી ઉપર ‘‘તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ’’ એવુ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. તા. ૧૦-૦૨-૨૦૨૪ સુધીમાં મળેલી અરજીઓનો જ ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે, એમ નિવાસી અધિક કલેકટરની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ઝાલોદ તાલુકામાં એડિશનલ ચીફ ભવનન નિર્માણની યોજના

ઝાલોદ, રાજ્યના છેવાડાના નાગરિકોને ઝડપી અને સરળ ન્યાય ઉપલબ્ધ થાય તે માટે સરકાર કટિબદ્ધ છે. દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં રૂ.૬.૪૮ કરોડના ખર્ચે ૧૦,૦૦૦ ચો.મીટર વિસ્તારમાં આધુનિક સુવિધાયુક્ત એડિશનલ ચીફ કોર્ટનું નવીન ભવન નિર્માણ પામશે. આ માટેની ટેન્ડર પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે. તેમ ધારાસભ્ય મહેશ ભુરીયાના પ્રશ્નના જવાબમાં કાયદા મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું.

કાયદા મંત્રી પટેલે ધારાસભ્ય પેટા પ્રશ્નનો પ્રત્યુતર આપતા કહ્યું હતું કે, ઝાલોદમાં હાલ પણ કોર્ટ પોતાના ભવનમાં કાર્યરત છે. આગામી ૨૦-૨૫ વર્ષની જરૂરિયાતોને ધ્યાને લઈને કોર્ટનું વિશાળ આધુનિક સુવિધાયુક્ત ભવન તૈયાર કરવામાં આવશે. જેમાં ચાર કોર્ટ રૂમ, લાઈબ્રેરી, જજ ઓફિસ સહિત અરજદાર-વકીલોને ધ્યાને રાખીને સુવિધાયુક્ત કોર્ટનું નિર્માણ કરવામાં આવશે. તેમ તેમણે ઉમેર્યું હતું.

## ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ટેન્કર દ્વારા ઉભેલા વાહનને ટક્કર મારતાં બોલેરો અને મોટર સાયકલને નુકશાન

ઝાલોદ, લીમડી નગરમાં તારીખ ૦૩-૦૨-૨૦૨૪ શનિવારના રોજ અંદાજીત રાત્રીના બે વાગે એક ટેન્કર ચાલક દ્વારા ઉભેલા વાહનને ટક્કર મારતાં નુકશાન થયેલ હતું. લીમડી નગરના ગોધરા રોડ પર રહેતા કિરીટ મગનભાઇ ચૌહાણ દ્વારા તેમના વાહન ઘરની બહાર પાર્ક કરેલ હતા. રાત્રિના બે વાગ્યાના અરસામાં એક એમ.પી. પાસીંગ ટેન્કર જેનો નંબર MP-09-HG-2164 ના ચાલક પવન આશારામ ઝાટવ દ્વારા પૂરપાટ રીતે ચલાવતા મગનભાઇના ઘરની બહાર ઉભી બોલેરો જેનો નંબર GJ-20-Z-7500 અને જ્યુપીટર મોટર સાયકલ જેનો નંબર GJ-20-AL-6500ને એક્સીડેન્ટ કરી નુકશાન કરેલ હતું. આ અંગે પૂરપાટ ગફલત રીતે ટેન્કર ચલાવનાર વાહન ચાલક વિરૂદ્ધ મગનભાઇ ચૌહાણ દ્વારા લીમડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવેલ છે.

# ઝારખંડમાં ચંપાઈ સોરેન સરકાર પૂર્ણ માર્ક્સ સાથે પાસ થઈ, ૪૭ વોટથી બહુમતી સાબિત કરી

**હેમંત સોરેને વિધાનસભામાં ફલોર ટેસ્ટ પહેલા કહ્યું - આરોપો સાબિત થશે તો રાજકારણ છોડી દઈશ.**



રાંચી, ઝારખંડમાં ચંપાઈ સોરેનના નેતૃત્વવાળી સરકારે વિધાનસભામાં બહુમતી સાબિત કરી છે. ચંપાઈ સરકારની તરફેણમાં ૪૭ વોટ પડ્યા જ્યારે વિરોધમાં ૨૯ વોટ પડ્યા. અગાઉ, વિધાનસભામાં વિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરતી વખતે, ચંપાઈ સોરેને તેમના ભાષણમાં કહ્યું હતું કે વિપક્ષોએ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કર્યો. ફ્લોર ટેસ્ટની પ્રક્રિયા શરૂ થયા પહેલા વિધાનસભામાં બોલતા નવા સીએમ ચંપાઈ સોરેને કહ્યું કે હેમંત છે તો હિંમત છે. જણાવી દઈએ કે ફ્લોર ટેસ્ટની પ્રક્રિયા દરમિયાન કોર્ટની પરવાનગી સાથે રાજ્યના પૂર્વ સીએમ હેમંત સોરેન પણ વિધાનસભામાં હાજર હતા.

ચંપાઈ સોરેને ફ્લોર ટેસ્ટ પહેલા વિધાનસભામાં કહ્યું, "વિપક્ષો સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કર્યો. હેમંત સરકારે કોરોના રોગચાળામાં સારું કામ કર્યું. હેમંતના સક્ષમ નેતૃત્વમાં ઝારખંડ આગળ વધ્યું. જે પરિવારમાં શિક્ષણનો દીવો ક્યારેય ન હતો. અમે તે પરિવારમાં દીવો પ્રગટાવીશું. શું આ ખોટું છે? કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ થઈ રહ્યો છે. હેમંત સોરેન પર ખોટા આક્ષેપો કરવામાં આવ્યા છે. અમારી યોજનાઓને કોઈ ભૂંસી શકશે નહીં. અમે ગર્વથી કહીશું કે અમે ભાગ-૨ છીએ." ભાજપ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે હેમંત સોરેનની યોજના દરેક ઘરમાં દેખાઈ રહી છે. લોકોના હૃદયમાં જે દીવો પ્રગટેલો છે તે તમે બુઝાવી શકતા નથી.

પૂર્વ સીએમ હેમંત સોરેને વિધાનસભામાં કહ્યું, "ઝારખંડમાં જે કંઈ થયું તેમાં રાજભવનનો પણ સમાવેશ થાય છે. હું આદિવાસી છું, મને નિયમો અને નિયમોની યોગ્ય સમજ નથી. ૩૧ જાન્યુઆરીએ જે બન્યું તેની વાર્તા ૨૦૨૨થી લખાઈ રહી હતી. પહેલીવાર દેશના સીએમની ધરપકડ થઈ.મેં હાર માની નહીં.આદિવાસી દલિતો પ્રત્યે નફરતનું વાતાવરણ સર્જાઈ રહ્યું છે.અમને જંગલમાં જવા માટે કહેવામાં આવી રહ્યું છે.જો તેમની ઈચ્છા હોય તો તેઓ કરી શકે છે. અમને જંગલમાં મોકલો. હું આંસુ નહીં વહાવીશ. જમીન મારા નામે છે તે સાબિત કરવા માટે હું મારા આંસુ થોડા સમય માટે રાખીશ. જો હું કૌભાંડી સાબિત થઈશ, તો હું રાજકારણ છોડી દઈશ. તેઓ આ કરી શકશે નહીં. મને જેલના સળિયા પાછળ રાખીને તેમની યોજનામાં સફળ થાય છે. ઈડી, સીબીઆઇ, ઈક્રમટેક્સ વગેરે. દેશની સિસ્ટમ સંવેદનશીલ છે. તેઓએ દેશમાંથી ૧૨ લાખ કરોડ રૂપિયા ઉપાડી લેનાર વ્યક્તિ વિશે એક વાળ પણ છોડ્યો નથી."તેમણે કહ્યું, "હું આદિવાસી છું, તેથી જ મને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. પહેલીવાર દેશના સીએમની ધરપકડ કરવામાં આવી છે. મેં હાર સ્વીકારી નથી. આદિવાસી દલિતો પ્રત્યે નફરતનું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે. અમે જંગલમાં જવા માટે કહેવામાં આવે છે. જો તેઓ કરી શકે તો તેઓ અમને જંગલમાં મોકલી દેશે."

હેમંત સોરેને કહ્યું, "હું આંસુ નહીં વહાવીશ. જમીન મારા નામે છે તે સાબિત કરવા માટે હું મારા આંસુ બચાવીશ. જો મારી સામે કૌભાંડો સાબિત થશે, તો હું રાજકારણ છોડી દઈશ. તેમનો રાખવાનો કોઈ ઈરાદો નથી. હું જેલના સળિયા પાછળ. સફળ થઈ શકીશ. ઈડી, સીબીઆઈ, ઈક્રમટેક્સ, જે દેશની સંવેદનશીલ પ્રણાલી છે. તેઓએ દેશના રૂ. ૧૨ લાખ કરોડ લઈ જનારને પણ પરેશાન કર્યા નથી."હેમંત સોરેને કહ્યું કે 'તેની સ્ક્રિપ્ટ વર્ષ ૨૦૨૨થી જ ખૂબ જ આયોજનબદ્ધ રીતે લખવામાં આવી રહી હતી. આ વાનગી ખૂબ જ ધીમી આંચ પર રાંધવામાં આવી રહી હતી, પરંતુ વાનગી હજી તૈયાર ન હતી અને તેઓએ તે જ વાનગી આડેધડ રીતે પીરસી. ખૂબ જ આયોજનબદ્ધ રીતે મારી ધરપકડ કરવામાં આવી હતી.પૂર્વ સીએમએ કહ્યું, 'બાબા સાહેબ આંબેડકરે દરેકને સમાનતાનો અધિકાર આપ્યો. આ માટે તેણે પોતાનો ધર્મ છોડીને બૌદ્ધ ધર્મ અપનાવવો પડ્યો. આદિવાસીઓ સાથે પણ એવું જ થઈ રહ્યું છે. ગરીબો, દલિતો અને પછાત વર્ગો પર થઈ રહેલા અત્યાચારનું જીવંત ઉદાહરણ ૩૧ જાન્યુઆરીની રાત્રે જોવા મળ્યું. પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેને કહ્યું, 'આ ઝારખંડ છે, આ દેશનું રાજ્ય છે જ્યાં દરેક ખૂણે આદિવાસી-દલિત વર્ગના અસંખ્ય સૈનિકોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. કરોડો રૂપિયા ખર્ચીને તેમના સહયોગીઓ વિદેશ ગયા છે, તેમને નુકસાન પહોંચાડવાની ક્ષમતા ઈડી સીબીઆઈ પાસે નથી. તેઓ દેશના આદિવાસીઓ, દલિતો, પછાત વર્ગો અને નિર્દોષો પર જ અત્યાચાર કરે છે, જો તમારામાં હિંમત હોય તો ગૃહમાં કાગળ બતાવો કે આ ૮.૫ એકર જમીન હેમંત સોરેનના નામે છે, જો એવું થશે તો હું કરીશ. તે દિવસે રાજકારણમાંથી રાજીનામું આપો.' હેમંત સોરેને કહ્યું કે અમે હજી હાર સ્વીકારી નથી, જો તમને લાગે છે કે મને જેલમાં મોકલીને તમે સફળ થયા છો, તો આ ઝારખંડ છે, જ્યાં ઘણા લોકોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે.

## આપની આજ.......

મેષ : સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. વ્યવસાયિક ગતિવિધિઓ સામાન્ય રહેશે. આવક સાથે-સાથે ખર્ચ વધારે રહેશે. પતિ-પત્નીના સંબંધ સુખમય જળવાયેલાં રહેશે. તમારા માન-સન્માન તથા આત્મિક ઉન્નતિમાં પણ વધારો થશે.

વૃષભ : તમારા સ્વભાવને સહજ જાળવી રાખો, ગુસ્સાના કારણે સ્થિતિ ખરાબ થઇ શકે છે. ઘરમાં મહેમાનો આવવાથી ઘરનું વાતાવરણ સુખમય રહેશે. આજે લેવામાં આવેલો કોઈ મહત્ત્વપૂર્ણ નિર્ણય તમારા ભવિષ્ય માટે લાભદાયક સાબિત થશે. બ્લડ પ્રેશરને લગતી તપાસ નિયમિત કરાવતાં રહેવું.

મિથુન : ભવિષ્યને લગતી યોજનાઓને ફળીભૂત કરવા માટે સમય અનુકૂળ છે. તાવ, ઉધરસ અને સિઝલન પરેશાની આવી શકે છે. આ સમયે ગ્રહ સ્થિતિ ખૂબ જ ઉત્તમ બની રહી છે. લગ્નજીવન મધુર રહેશે.

કર્ક : ગણેશજી કહે છે, સમયની કિંમતને ઓળખો. ઘર તથા વેપારમાં જીવનસાથીનો સહયોગ તમને તણાવમુક્ત રાખશે. આજે કાર્યક્ષેત્રમાં સારી વ્યવસાયિક યોજનાઓ બનશે. ક્યાંકથી પેમેન્ટ આવી જવાથી આર્થિક સ્થિતિ મજબૂત રહેશે.

સિંહ : ગણેશજી કહે છે, કાર્યક્ષેત્રમાં કર્મચારીઓ સાથે કોઇ વાતને લઇને મતભેદ થઇ શકે છે. સામાજિક ગતિવિધિઓમાં તમારો મોટાભાગનો સમય પસાર થશે. વધારે તણાવ અને મહેનતની સ્વાસ્થ્ય ઉપર નકારાત્મક અસર પડી શકે છે. કાર્યક્ષેત્રમાં કર્મચારીઓ સાથે કોઇ વાતને લઇને મતભેદ થઇ શકે છે.

કન્યા : ગણેશજી કહે છે, અજાણ્યા લોકોનો સંપર્ક ન રાખો. પરિવારમાં સુખ-શાંતિ જળવાયેલી રહેશે. વધારે કામ સાથે-સાથે યોગ્ય આરામ પણ લેવો જરૂરી છે. પ્રોફેશનલ સ્ટડી માટે કોશિશ કરી રહેલાં યુવાઓને કોઈ શુભ સૂચના મળી શકે છે.

તુલા : ગણેશજી કહે છે, હાલ વર્તમાન પરિસ્થિતિઓ વધારે અનુકૂળ નથી. પતિ-પત્ની વચ્ચે કોઇ નાની વાતને લઇને વિવાદ થઇ શકે છે. આજે તમે તમારા વ્યક્તિગત સંબંધને મજબૂત કરવામાં વધારે ધ્યાન આપશો. વ્યવસાયમાં તમારી યોજનાઓને ફળીભૂત કરતાં પહેલાં તેના અંગે યોગ્ય રૂપરેખા બાંધી લો.

વૃશ્ચિક : ગણેશજી કહે છે, આ સમયે કામકાજ પ્રત્યે પૂર્ણ ગંભીરતાથી ધ્યાન આપવાની જરૂરિયાત છે. અચાનક જ થોડા બિનજરૂરી ખર્ચ સામે આવી શકે છે. ખરાબ આદતો તથા ખરાબ સંગતથી દૂર રહો. લગ્નજીવન સુખદ રહેશે. કોઈ અટવાયેલું કામ પૂર્ણ થઈ શકે છે.

ધન : ગણેશજી કહે છે, કાર્યક્ષેત્રમાં કોઈ કામ અટકી શકે છે. મુશ્કેલીઓ તથા વિઘ્નો સિવાય તમે તમારા આત્મવિશ્વાસને જાળવી રાખશો. તમારા બજેટને તમારી જરૂરિયાતો પ્રમાણે સીમિત અને સંતુલિત રાખો. ભાગ્ય તમારા પક્ષમાં છે.

મકર : ગણેશજી કહે છે, કોઈ નવા વેપારને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. ખોટા કાર્યોમાં સમય ખરાબ ન કરો. પતિ-પત્ની વચ્ચે ઘરમાં જ કોઈ સમસ્યાને લઈને તણાવ રહેશે. આજે સફળતાદાયક સમય છે. બજેટનું ધ્યાન રાખીને ખર્ચ કરવો યોગ્ય રહેશે.

કુંભ : ગણેશજી કહે છે, તમારી જવાબદારીઓને અન્ય લોકો સાથે વહેંચતા શીખો. જીવનસાથી તથા પરિવારના લોકોનો સહયોગ તમારા મનોબળને વધારશે. આર્થિક ગતિવિધિઓમાં ખાસ તમારું ધ્યાન કેન્દ્રિત રાખો. કાર્યક્ષેત્રમાં સ્પર્ધીઓની ગતિવિધિઓને ઈગ્નોર ન કરશો.

મીન : ગણેશજી કહે છે, વ્યવસાયમાં વિસ્તારને લગતી યોજનાઓને શરૂ કરવા માટે યોગ્ય સમય છે. વાહન સાવધાનીપૂર્વક ચલાવો. માતા-પિતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું તથા તેમનો આદર કરવો તમને આત્મિક સુકૂન આપશે. પરિવારજનો સાથે સમય પસાર કરવો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ નગરમાં પીવાનું પાણી પુરૂ પાડવામાં વામણી સાબિત થઈ

દાહોદ,

દાહોદ શહેર એક તરફ સ્માર્ટ સિટી બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. અને તંત્ર દ્વારા દાહોદ વાસીઓને પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની વાતો જોરશોરથી કરવામાં આવી રહી છે. તેમ છતાં દાહોદ પાલિકા નગરજનોને પાયાની જરૂરિયાત એવી પાણીની સુવિધા રોજ રોજ પૂરી પાડવામાં હજી એ વામણી પુરવાર થઈ રહી છે. હાલ તો દાહોદ શહેરને પીવાનું પાણી પૂરૂં પાડવા માટે બબ્બે ડેમો જેવા કે પાટાડુંગરી જળાશય તેમજ કડાણા ડેમમાંથી પાણી આપવામાં આવી રહ્યું છે. એક સમય એવો હતો કે જ્યારે માત્ર પાટાડુંગરી માંથી જ પાણી આપવામાં આવતું હતું. ત્યારે પણ હાલમાં જે રીતે પાણીનો પુરવઠો આપવામાં આવે છે તે જ રીતે આપવામાં આવતો હતો. શહેરનો વિસ્તાર અને વ્યાપ તેમજ વસ્તી વધતા પાણીની માંગ વધતા હવે તો બબ્બે ડેમોમાંથી પાણી આપવામાં આવે છે. અને કુદરતની કૃપાથી ગત ચોમાસામાં સારો વરસાદ થતાં બંને ડેમો છલકાયા હતા. ૧૫ ઓગસ્ટ તેમજ ૨૬ જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય દિવસે ધ્વજવંદન બાદ મંચ પરથી જે તે પાલિકા પ્રમુખ દ્વારા વર્ષોથી દાહોદના નગરજનોને રોજ પાણી આપવાનો પ્રયાસ ચાલુ હોવાની



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મોટી મોટી વાતો અને વાયદા કરવામાં આવ્યા પરંતુ આ વચનો અને વાયદા હજી સુધી માત્ર ભાષણ પૂરતા જ સીમિત બનીને રહી જવા પામ્યા છે. પાણીનો મામલો માત્ર દાહોદ શહેરનોજ નહીં પણ સમસ્ત દાહોદ જીલ્લાનો છે. દાહોદ જીલ્લામાં ''ઘર ઘર નળ ઘર ઘર જળ'' નું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું સાકાર કરવા રાજ્ય સરકાર દ્વારા જીલ્લામાં કરોડોના ખર્ચે નળશે જળ યોજના શરૂ કરવામાં આવી અને આ યોજના ભ્રષ્ટ અધિકારીઓ તેમજ કટકી બાજ નેતાઓના પાપે દાહોદ જીલ્લામાં જોઈએ તેટલી સફળ ન થતા ઘર ઘર નળ દ્વારા ઘર ઘર જળ પહોંચાડવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું રોળાયુ છે. દાહોદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નળસે જળ યોજના માટે કેટલીક જગ્યાએ લાઈનો તો જરૂર ખોદાયી છે અને કેટલીક જગ્યાએ તો પાઈપો પણ નાખી દેવામાં આવી છે. અને મોટાભાગની જગ્યાએ તો પાઈપ વગર નળ માટેના સ્ટેન્ડ ઉભા કરી તેના પર ચકલી પણ બેસાડી દેવામાં આવી છે. આ કામોમાં એટલી હદે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે કે બે વર્ષ બાદ પણ 'નળ ખોલતા જ તમારા ઘરે પાણી આવશે' તેવું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગ્રામીણ પ્રજાને આપેલ વચન પણ હાલ પોકળ સાબિત થતું જોવા મળી રહ્યું છે. ગત દિવસોમાં જીલ્લામાં વાસ્મોની નળસે જળ યોજનામાં થયેલ વ્યાપક ભ્રષ્ટાચારના અહેવાલો અખબારોની સુરખી બની ચમકતા સહસા જાગી ઉઠેલ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા મામલાની ગંભીરતાને ધ્યાને લઈ વિવિધ બેઠકો યોજી આ મામલે ચર્ચા કરી આ યોજનાને જેમ બને તેમ વહેલી તકે પૂર્ણ કરી ગ્રામજનોને ઘેર ઘેર નળ દ્વારા પાણી પહોંચાડવાની તાકીદ કરવામાં આવી હતી. આ તાકીદની પણ આજ દિન સુધી કોઈ અસર જોવા મળતી નથી. આ મામલે ગ્રામ્ય જનોને પૂછતા આ કામમાં પૈસા ખવાઈ ગયા હોવાનું તેઓ જણાવી રહ્યા છે. જીલ્લાના શહેરો તથા ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની જરૂરિયાત એવી પાણીની સુવિધા પૂરી પાડવામાં આવે છે કે નહીં તેનું ધ્યાન રાખવાની જવાબદારી જે તે ધારાસભ્યોની તેમજ સાંસદની પણ છે તે સનાતન સત્ય છે. જીલ્લામાં તમામ ધારાસભ્ય તેમજ સાંસદ ભાજપના છે. ત્રણેય નગરપાલિકાઓમાં પણ ભાજપનું શાસન છે. રાજ્યમાં તેમજ દેશમાં પણ ભાજપનું શાસન છે. તેમ છતાં ગ્રામ્ય જનતા પીવાના પાણી માટે મુશ્કેલીઓ વેઠે છે, તે ખરેખર ચિંતાજનક છે. હાલ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં પણ માછણ ડેમમાંથી ફિલ્ટર કર્યા વિનાનું પાણી આપવામાં આવતું હોવાની વ્યાપક બુમો ઉઠવા પામી છે. ત્યારે દાહોદ શહેર તથા જીલ્લાની જનતાને પાયાની જરૂરિયાત એવી પીવાના પાણીની સુવિધા નિર્વિઘ્ને, નિયમિત રીતે પ્રદાન કરવા માટે સુચારૂ અને પરિણામલક્ષી આયોજન કરવામાં આવે તેવી લાગણી અને માગણી છે.

## દાહોદ જીલ્લામાં ૦૭ ફેબ્રુઆરીથી ૧૮ ફેબ્રુઆરી સુધી ભ્રમણ કરશે વિકસિત ભારત સંકલ્પ યાત્રા

દાહોદ,

સરકારની વિવિધ ૧૭ જેટલી યોજનાઓની માહિતી અને લાભો ઘરઘર સુધી પહોંચાડવા માટે દાહોદ જીલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગામેગામ ફરવાની છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા દાહોદ જીલ્લાને રથોની ફાળવણી કરવામાં આવી છે. આ રથના ગામોમાં આગમન સાથે વિવિધ પ્રકારના કાર્યક્રમો પણ યોજાશે.




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સુચારૂ સંચાલન માટે મળેલી બેઠકમાં કલેક્ટર યોગેશ નિરગુડે એ જણાવ્યું કે, આ યાત્રા દરમિયાન સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો પાત્રતા ધરાવતા નાગરિકોને આપવાના છે. યાત્રા દરમિયાન દાહોદ જીલ્લામાં સો ટકા લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ આવરીને આયોજન સાથે યોજનાની માહિતી લોકો સુધી પહોંચે એ માટે ગામડાઓમાં સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક કૃષિ અને રસાણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે. સરકારની યોજનાને સેચ્યુરેશન પોઈન્ટ સુધી લઈ જવા માટે પાત્રતા ધરાવતા એક પણ લાભાર્થી છૂટી ના જાય એ પ્રયત્નો કરવા તેમણે સૂચના આપી હતી. ગામેગામ આ યાત્રાનું સ્વાગત, લાભાર્થીઓની સાફલ્ય ગાથા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, નિવાસી અધિક કલેકટર એ.બી.પાંડોર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી.એમ.પટેલ, સર્વે પ્રાંત અધિકારીઓ, નાયબ જીલ્લા વિકાસ અધિકારી મિલીંદ દવે ,જીલ્લા ખેતીવાડી અધિકારી પ્રથિક દવે, સર્વે મામલતદાર ઓ સંબધિત તાલુકા વિકાસ અધિકારી ઓ સહિત, વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## દે.બારીઆ નગરમાં લાખો રૂપિયાના ખર્ચે બનેલ નવી પાણીની ટાંકીમાં લીકેજ તંત્ર દ્વારા લીકેજ ટાંકીનું સમારકામ હાથ ધરાયું

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ નગરમાં પાલિકા ઓફીસની સામે નગરના કેટલાક વિસ્તારમાં પીવાનું પાણી પૂરૂં પડવા માટે પાલિકા તંત્ર દ્વારા વર્ષો પહેલા પાણીની ટાંકી બનાવી હતી. જે પાણીની ટાંકી જર્જિત થતાં તંત્ર દ્વારા તેને તોડી પાડી અમૃત ૨.૦ સ્લેપ ૧ વોટર સપ્લાય અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ માં છ લાખ લીટરની ક્ષમતા ની રૂપિયા પચીસ લાખના ખર્ચે તંત્ર દ્વારા નવીન પાણી ની ટાંકી બનાવવામાં આવી. જે નવીન બનેલ પાણીની ટાંકીનો પાલિકા તંત્ર દ્વારા નગરજનોને પાણી પુરૂ પાડવા માટે આ ટાંકીનો ઉપયોગ કરતા તેમા પાણી ભરતાજ ટાંકીમાં



નીચેના ભાગે પાણી લીકેજ થતાં પાણીનો જાણે દદુડો પડતો હોઈ તેમ ઉપરથી નીચે સુધી પાણી રેલાતા આ પાણી નો રેલો છેક નીચે સુધી આવતા ટાંકીની આજુબાજુ પણ પાણી ભરાવા લાગ્યું હોઈ તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે રૂપિયા ૨૫ લાખના ખર્ચે છ લાખ લિટરની ક્ષમતા નવીન બનેલ આ પાણીની ટાંકીમાં લિકેજ જોવાતાં બે માસ અગાઉ બનેલ પાણીની ટાંકીમાં લિકેજ થી અનેક સવાલો ઉઠવા પામ્યા છે. તંત્ર દ્વારા આ લાખો રૂપિયાના ખર્ચે નવીન બનેલ પાણીની ટાંકી લીકેજ હોવા છતાં પણ તંત્ર દ્વારા આ પાણીની ટાંકી કેમ હસ્તગત કરી હશે શું પાલિકાનાં અધિકારીઓ દ્વારા આ ટાંકીની તપાસ હાથ ધરવામાં આવી હશે કે કેમ આ છ લાખ લીટરની ક્ષમતા વાળી પાણીની ટાંકી નું લીકેજ બંધ થશે કે કેમ ત્યારે તંત્ર દ્વારા આ નવીન પાણીની ટાંકી બનાવનારને બિલ ચૂકવણું કરવામાં આવ્યુ છે કે કેમ આ લીકેજના કારણે આવનાર સમયમાં આ ટાંકી જોખમ કારક બની રહેશે કે કેમ જેવા અનેક સવાલો ઉઠવા પામ્યા છે. જો આ લીકેજ પાણીની ટાંકીને લઈ ઉચ્ચસ્તરે થી તપાસ હાથ ધરવામાં આવે તો પાલિકાની અનેક પોલ બહાર આવે તેમ છે.

## ઝાલોદ નગરમાં ઝલાઈમાતા મંદિરે આંગણવાડી બહેનો દ્વારા બજેટની હોળી કરાઈ



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

તા.૦૫-૦૨-૨૦૨૪ સોમવારના રોજ ઝાલોદ નગરની ઈષ્ટ દેવી એવા ઝલાઈ માતાના મંદિરે આંગણવાડી બહેનો અને વર્કરો સહુ સરકાર દ્વારા રજૂ કરેલ બજેટના અનુસંધાને ભેગા થયેલ હતા. ઉપસ્થિત સહુ આંગણવાડી બહેનોએ રાજ્યની સરકાર વિરૂદ્ધ વિવિધ સૂત્રોચ્ચાર સાથે વિરોધ દર્શાવ્યો હતો. સરકાર દ્વારા રજૂ કરાયેલ બજેટમાં આંગણવાડી બહેનોના પગાર વધારા કે અન્ય કોઈપણ માંગણીઓ પ્રત્યે ઉલ્લેખ ન થયો હોઈ સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી બજેટની હોળી કરવામાં આવી હતી. તેમજ આગામી સમયમાં આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા આંગણવાડીને તાળાબંધી કરી ઉગ્ર વિરોધ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. આંગણવાડી બહેનો પોતાના હક લેવા તેમજ માંગણી પુરી કરવા એકજૂટ થઈ બજેટની હોળી કરી વિરોધ નોંધાવેલ હતો.

## ડુંગરી પ્રાથમિક શાળામાં આરોગ્ય વિભાગ દ્વારા સિકલ સેલ ચેકઅપ કાર્યક્રમ યોજવામાં આવ્યો



દાહોદ,

તારીખ ૦૫/૦૨/૨૦૨૪ ના રોજ ઝાલોદ તાલુકાની ડુંગરી પ્રાથમિક શાળામાં જીલ્લા પંચાયત દાહોદના આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત સિકલ સેલ નિર્મૂલન અભિયાન દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ધોરણ પાંચથી આઠના વિદ્યાર્થીઓનું ચેકઅપ કરવામાં આવ્યું હતું અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ડુંગરીના મેડિકલ ઓફિસર ડો.આસીમ શેખ દ્વારા સિકલ સેલ માટે જરૂરી માહિતી આપવામાં આવી હતી અને આર.બી.એસ.કે. મેડિકલ ઓફિસર ડો. કિરણ ડામોર કોમ્યુનિટી હેલ્થ ઓફિસર શ્રદ્ધાબેન રાવત, સૌરભભાઈ ડામોર મનહરભાઈ સંગાડા, યામીનીબેન માહેરા સિકલસેલ કાઉન્સિલર રેખાબેન ડામોર અને શાળાનો સમગ્ર સ્ટાફ ખૂબ ઉત્સાહપૂર્વક જોડાઈ ચેક અપ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## સંજેલી મામલતદાર કચેરીમાં છેલ્લા ૧૦ મહિનાથી વિધવા બહેનોને ધરમ ધક્કા ખાવાનો વારો

- ઓનલાઈન ફોર્મ ભર્યા ને ૧૦ મહિના જેટલો ટાઈમ વીત્યો છતાં પણ મંજૂરી હુકમ પત્રક ન મળતા વિધવા બહેનોની હાલત કફોડી.
- સંજેલી તાલુકામાં ૫૭ ગામો આવેલા છે જેમાં ૧૧૬૬ વિધવા તેમજ ૧૬૯૫ વૃદ્ધો સહાય મેળવી રહ્યા છીએ.
- સંજેલી તાલુકામાં વિધવા તેમજ વૃદ્ધ સહાયના ૨૮૭૫ જેટલા લાભાર્થીઓની.

દાહોદ,

દાહોદ જીલ્લાની સંજેલી તાલુકા ની વિધવા બહેનોએ ૧૦ મહિનાથી મામલતદાર કચેરી ખાતે ઓનલાઈન ફોર્મ ભર્યા છતાં પણ વિધવા સહાયની મંજૂરી હુકમ ન મળતા બહેનોની હાલત કફોડી બની છે. વિધવા બહેનો અનેકવાર સંજેલી તાલુકાની મામલતદાર કચેરીઓમાં મંજૂરી હુકમ મેળવવા માટે અવર નવર જાય છે, છતાં પણ મંજૂરી હુકમ પત્રક મેળવવા ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. સંજેલી તાલુકામાં ૫૭ ગામમાં આવેલા છે. જેમાં ૧૧૬૬ વિધવા બહેનો અને ૧૬૯૫ વૃદ્ધો



સહાય મેળવી રહ્યા છે. પરંતુ ૧૦ મહિના જેટલો ટાઈમથી વિધવા બહેનોની ઓનલાઈન પ્રક્રિયા દ્વારા ફોર્મ ભરીયા છતાં પણ વિધવા બહેનોને મંજૂરી હુકમ ન મળતા ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ડિજીટલ જમાનો અને પલ ની સ્પીડ હોવા છતાં વિધવા બહેનોને મંજૂરી પત્રક ન મળતા ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાંથી સમય અને પૈસાનો બગાડ કરી લાકડીના સહારે મામલતદાર કચેરી તેમજ બેન્કોમાં ધક્કા ખાઈ રહ્યા છે. તાલુકા અને જીલ્લાના અધિકારીઓ દ્વારા આ વિધવા બહેનોનું ઓનલાઈન અરજીનો નિકાલ કરી વહેલી તકે આ મંજૂરી હુકમ પત્રક આપવામાં આવે તેવી વિધવા બહેનોની માંગ ઉઠવા પામી છે.

## સંજેલી તાલુકાના કોટા, ગોવિંદા તળાઈ અણીકામાં આદિવાસી સમાજના કુરિવાજો ડામવા બેઠક યોજાઈ

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના કોટા ગોવિંદાતલાઈ, અણીકામાં સમાજ સુધારાના લઈને સરપંચ અને સભ્યોની તેમજ તાલુકા પંચાયતના સભ્ય અધ્યક્ષ સ્થાને મિટિંગ યોજાઈ હતી. જેમાં ડીજે પ્રથા બંધ, દહેદમાં ઘટાડો ભોજન સાદું, ડીજે વાગાડનારને દંડ, કપડાં, વાસણો બંધ રોકડ રૂપિયા કરવા, ફટાકડા ફોડવાના બંધ, દારૂ બંધ સહિતના વિવિધ ગ્રામજનોની ઉપસ્થિતિમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. દાહોદ જીલ્લો આદિવાસી વિસ્તાર ધરાવતો જીલ્લો



છે. સંજેલી તાલુકાના વિસ્તારમાં કુરિવાજોને કારણે લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ કુરિવાજોને અંકુશમાં લાવવા માટે ગામે ગામ સમાજ સુધારા માટે રથ ફેરવવામાં આવી રહ્યો છે. જેને લઈ સમાજ સુદારો માટે કોટા, ગોવિંદા તળાઈ અણીકામાં આજરોજ આદિવાસી સમાજના કુરિવાજોના ડામવા માટે મોટી સંખ્યામાં ગ્રામજનો, સરપંચો, સભ્ય આગેવાનો તેમજ વડીલોને ઉપસ્થિતિમાં ઠરાવો કરવામાં આવ્યા. દહેજ પેટે ૫૦૦ ગ્રામ ચાંદી, ત્રણ તોલા સોનુ, ૧૫૧૦૦૦ રકમ લેવડ દેવડ નક્કી કરવામાં આવી અને ડીજે સદંતર બંધ રાખવા તેમજ અણીકા ગામમાં ડીજે ભરાવા ના દેવું સહિતના નિર્ણયો લેવાયા જો ડીજે વગાડવામાં આવશે, તો ડીજે વગાડનારને રૂપિયા ૫૧,૦૦૦ નો દંડ કરવામાં આવશે. અને દરેક પરિવારમાંથી કમિટી પણ બનાવવામાં આવી. જેવા ક જેટલા ઠરાવો કરવામાં આવ્યા અને પોકાર પાડીને સમજાવીને ગ્રામજનોની મોટી સંખ્યાની ઉપસ્થિતિમાં બધાની વચ્ચે ઠરાવો કરવામાં આવ્યા હતાં.

## દાહોદના ખરોડા ગામેથી ૪૧ હજારના દારૂ સાથે ઘર માલિકને ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોડા ગામેથી એક રહેણાંક મકાન માંથી પોલીસે રૂપિયા ૪૧,૨૨૦/- ના પ્રોહી જથ્થા સાથે મકાન માલિક ની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તારીખ ૩ ફેબ્રુઆરીના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે ખરોદા ગામે મોટી બારમ ફળિયામાં રહેતા મસુલભાઈ ભાવસિંગભાઈ નીનામાના પ્રેરણાક મકાનમાં પોલીસે પ્રોહી રેડ પાડી મસૂલભાઈને પોલીસે ઝડપી પાડ્યો હતો અને તેના રહેણાંક મકાનમાં ચાલવાથી હાથ ધરતા મકાન માંથી પોલીસે વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૩૮૭ કિંમત રૂપિયા ૪૧,૨૨૦/- નો પ્રોહિ જથ્થો કબજે કરી ઉપરોક્ત ઈસમની પોલીસે પૂછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો મધ્યપ્રદેશ ખાતે રહેતા અંકુરભાઈ રમસુભાઈ દહમા પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે પ્રોહીબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ તાલુકાના ખરેડી ગામે બાઈક ઉપર લઈ જવાતો ૨૭ હજારનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ખરેડી ગામેથી પોલીસે એક મોટર સાયકલ પર લઈ જવાતો રૂપિયા ૨૭,૧૫૦/- ના વિદેશી દારૂ માટે મોટરસાયકલની કિંમત મળી કુલ રૂપિયા ૪૨,૧૫૦/- નો મુદ્દામાલ કબજે કર્યાનું જ્યારે પોલીસને આપી મોટરસાયકલનો ચાલક નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે.

ગત તારીખ ૪ ફેબ્રુઆરીના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે ખરેડી ગામે તળાવના નાળા પાસે જવાના રોડ પર નાકાબંધી કરી આવતા જતા તમામ નાના-મોટા વાહનોની તલાટી હાથ ધરતા હતા તે સમયે ત્યાંથી એક મોટરસાયકલનું ચાલક પસાર થયો હતો અને દૂરથી પોલીસને જોઈ પોતાના કબજાની મોટરસાયકલ સ્થળ પર મૂકી નાસી ગયો હતો. પાસે જઈ તપાસ હાથ ધરતા મોટરસાયકલ પાસેથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૧૮૮ કિંમત રૂપિયા ૨૭,૧૫૦/-ના પ્રોહી જથ્થા સાથે મોટરસાયકલ ની કિંમત મળી કુલ રૂપિયા ૪૨,૧૫૦/-નો મુદ્દામાલ પોલીસે કબજે કરી આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે મોટરસાયકલના ચાલક વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.139

# ગુજરાત ફાર્માસીસ્ટ એસોશીએશન દ્વારા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કચેરી ગોધરાને આવેદનપત્ર પાઠવ્યું

- પંચમહાલ તથા મહિસાગર જીલ્લામાં ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં ચાલતા મેડિકલ સ્ટોર્સ .
- ગલીના નાકે પાનના ગલ્લાની જેમ લેભાગુ લોકો મેડિકલ સ્ટોર્સ ખોલી બેસી ગયા છે.
- લાયસન્સ ભાડે આપવાની પ્રવૃતિના કારણે જનતાના આરોગ્ય સાથે ચેડાં.
- આયુર્વેદિક શિરપના સેવનથી અટકાવવા ફાર્માસિસ્ટ વિરૂદ્ધ કડક કાર્યવાહી જરૂરી.
- ફાર્માસિસ્ટના નામ એક લાખ રૂપિયા દંડ કરવા એસોશીએશનની માંગ.

ગોધરા,

પંચમહાલ તથા મહિસાગર જીલ્લામાં ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં ચાલતા મેડિકલ સ્ટોર્સ વિરૂદ્ધ કાયવાહી કરવા તેમજ લાયસન્સ ભાડે આપવાનો જાણે વેપલો ફાલી ફુલતો જતા દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં થઈ રહી હોવાની ચિંતા વ્યકત કરીને ગુજરાત ફાર્માસીસ્ટ એસોશીએશન દ્વારા આવી ગેરકાયદેરસ ચાલતી મેડીકલ સ્ટોરના સંચાલકો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરીને ફાર્માસિસ્ટના નામ એક લાખ રૂપિયા દંડ કરવા ફાર્મસી કાઉન્સિલમાં મોકલવા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કચેરી ગોધરાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

ગુજરાત ફાર્માસીસ્ટ એસોશીએશન દ્વારા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કચેરી ગોધરાને આપેલા આવેદનપત્રમાં જણાવાયું છેં કે, ફાર્માસિસ્ટની મેડિકલ સ્ટોર્સમાં લાયસન્સ ભાડે આપવાની પ્રવૃતિના કારણે જનતાના આરોગ્યને ખુબ જ નુકસાન થઈ રહ્યું છે અને ગલીના નાકે પાનના ગલ્લાની જેમ લેભાગુ લોકો મેડિકલ સ્ટોર્સ ખોલી બેસી ગયા છે, તેમજ નશાના ઉપયોગમાં લેવાતી દવાનું બેફામ વેચાણ કરી રહ્યા છે. તાજેતરમાં જ ખેડા જિલ્લામાં આયુર્વેદિક શિરપના સેવનથી આઠ લોકોના મૃત્યુ થયેલ છે. ત્યારે આવી ઘટના ફરી બને નહીં એ માટે ગેરકાયદેસર ચાલતા મેડિકલ સ્ટોર્સ અને ફાર્માસિસ્ટ વિરૂદ્ધ કડક કાર્યવાહી જરૂરી છે.

અત્યાર સુધી ડ્રગ ઈન્સ્પેકટર મેડિકલ સ્ટોર્સમાં વિઝીટમાં જતાં અને મેડિકલ સ્ટોર્સમાં ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં દવાનું વેચાણ પકડાય એમ છતાં દવાનું વેંચાણ ચાલુ રહેતું હતું, તેમજ ફાર્માસિસ્ટ વિરૂદ્ધ કોઈ કાર્યવાહી ન થવાના કારણે એક મેડિકલ સ્ટોર્સ માંથી બીજા મેડિકલ સ્ટોર્સમાં લાયસન્સ ભાડે આપવાની પ્રવૃતિ ચાલુ જ રહેતી હતી. ત્યારે જનહિત માટે આવી ગેરકાયદેસર પ્રવૃતિ રોકવા કડક કાર્યવાહી કરવી જરૂરી બની જાય છે. આ સાથે પંચમહાલ અને મહીસાગર જીલ્લામાં ગેરકાયદેસર ચાલતા મેડિકલ સ્ટોર્સની યાદી મોકલેલ છે તો તાત્કાલિક તપાસ કરવી અને ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં દવા વેચતા મેડિકલ સ્ટોર્સમાં દવાનું વેચાણ તાત્કાલિક બંધ કરાવી ફુલટાઈમ ફાર્માસિસ્ટ હાજર રહેશે એ સુનિશ્ચિત કર્યા બાદ જ દવાનું વેચાણ શરૂ કરવા મંજૂરી આપવી. તેમજ થોડા રૂપિયાની લાલચમાં ખોટું સોગંદનામું કરી લાયસન્સ ભાડે આપી મેડિકલ સ્ટોર્સ સંચાલકોની ગુનાહિત પ્રવૃતિમાં સાથ આપનાર ફાર્માસિસ્ટ એક લાખ રૂપિયા દંડ કરવા એમના નામ ફાર્મસી કાઉન્સિલમાં મોકલી આપવા વિનંતી કરવામા આવી છે. હવે જોવું રહ્યું કે તંત્ર આવા બેફામ બનેલા મેડિકલ સ્ટોર સંચાલકો વિરૂદ્ધ કાર્યવાહી કરે છે કે કેમ ? પછી સબ સલામત ....

## ભુતકાળના તૈયાર અહેવાલો ધુળ ખાઈ રહ્યા છે

સરકાર દ્વારા જરૂરીયાત વિસ્તારોમાં દર્દીઓને સરળતાથી દવા ઉપલ્બધ થાય અને દિવસો સુધી રાહ ન જોવી પડે તથા શહેરી વિસ્તારોમાં લાંબા ન થવું પડે તે માટે સરકાર દ્વારા ઘડાયેલી જોગવાઈના ભાગરૂપે મેડીકલ ધરાવતા ફાર્માસીસ્ટ તથા ડીગ્રીધારીના નામે સ્ટોર ચલાવવાનું લાઈસન્સ આપવામાં આવે છે. પરંતુ મોટાભાગના સ્ટોર ઉપર લાઈસન્સદાર જ ગેરહાજર જોવાને બદલે હેલ્પર તથા અન્ય વ્યકિત સંચાલન કરતો હોવાનું જોવા મળે છે. કયારેક કિસ્સામાં કોઈ ભળતી દવા આપીને દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરવા સાથે મનસ્વીપણે દવાઓના બીલોમાં ઉઘાડે ચોક લુંટફાટ કરવામાં આવી રહી છે એટલું જ નહિ જો તંત્ર દ્વારા પંચમહાલ તથા મહિસાગર જીલ્લામાં આવેલ સ્ટોરો ઉપર લાઈસન્સની તપાસ આદરવામાં આવે તો બીફાર્મ ડિગ્રી ધારકોએ એક કરતાં વધુ સ્થળોએ લાઈસન્સ મેળવીને પોતાની એજન્સીઓ કે સ્ટોર ચલાવી રહ્યા છે અને નફો રડવાનો અને મનમાની પ્રમાણે દવાના નાણાં લેવાતા હોવાની પણ ફરિયાદો સાથેની જોવા મળતી વિસંગતતાઓ જોવા મળી રહી છે. ત્યારે તંત્રએ તપાસ કરવી જરૂરી બની છે. જોકે, કોઈપણ વિરૂદ્ધની કાર્યવાહી વિના ભુતકાળમાં પણ આવા તૈયાર રિપોર્ટો ધુળ ખાઈ રહ્યા છે.

## રજુઆત બાદ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર જાગશે ખરું....?

છેલ્લા લાંબા સમયથી પંચમહાલ અને મહિસાગર જીલ્લામાં ફાર્માસીસ્ટની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર ચલાવવા, લાઈસન્સ ભાડે આપવા, મનસ્વીપણે બીલ લેવું આવી ગેરકાયદેસર બાબત અવારનવાર જાગૃત નાગરિકો દ્વારા ખોરાક અને ઔષધ નિયમન તંત્રને જાણ કરવામાં આવી છે. સાથે સાથે સરકારના વખતોવખતની સુચનાઓ સાથે તપાસ આદરની યોગ્ય કાર્યવાહી કરવાના આદેશોને પણ અત્યાર સુધી પાણીના નામે ભૂં જોવા મળી રહ્યું છે. તંત્રના અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં ન આવતાં દિનપ્રતિદિન ગેરકાયદેસર પ્રવૃતિઓ ફાલીફુલતી જાય છે. ત્યારે ફરી એકવાર ગુજરાત ફાર્માસીસ્ટ એસોશીએશન સંલગ્ન ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા તંત્રમાં આવેદનપત્ર આપીને દંડનિય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. ત્યારે આ વિષય બાબતે તંત્ર જાગશે ખરું ?

# પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગે નદીસર અને ચલાલી ગામે ચેકીંગ કરી હિટાચી મશીન ૪ ટ્રક અને ટ્રેકટર મળી બે કરોડની મુદ્દામાલ સાથે ૩ ઈસમોને ઝડપ્યા

ગોધરા,

પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગની ટીમ દ્વારા કાલોલ તાલુકાના ચલાલી ગામ અને ગોધરાના નદીસર ગામે ગેરકાયદેસર ખનીજ ખનન સ્થળે રેઈડ કરી ૪ ટ્રક, ૧ ટ્રેક્ટર, હિટાચી મશીન મળી બે કરોડના મુદ્દામાલ સાથે ૬ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.



પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા જીલ્લામાં વધી રહેલા ખનિજ ચોરીને અટકાવવા માટે ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ખાણખનિજ વિભાગની ટીમ દ્વારા કાલોલ તાલુકાના ચલાલી ગામે આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન ગોમ નદીના પટ માંથીગેરકાયદેસર રેતી ખનન કરી રહેલા ૧ ટ્રેકટર અને ૪ ટ્રક ઝડપી પાડવામાં આવ્યા હતા. ખાણ ખનિજ વિભાગના ચેકીંગ વખતે શોક્ત કડીયા, વિજયભાઈ રાઠવા, રીઝવાન પાડવા, ઈશાક બોડી, અલ્પેશ ચૌહાણ, ઈમ્તીયાઝ ઝુઝારાને ઝડપી પાડી કલેકટર કચેરી ખાતે સીઝ કરવામાં આવ્યા છે. જ્યારે ગોધરા તાલુકાના નદીસર ગામે ગેરકાયદેસર માટી ખનન સ્થળે ખાણ ખનિજ વિભાગે રેઈડ કરી હિટાચી મશીન ઝડપી પાડવામાં આવ્યું. ઝડપી પાડેલ હિટાચી મશીનને નદીસર પંચાયત કચેરી ખાતે મુકવામાં આવ્યું છે. ખાણ ખનિજ ‍િવભાગે દંડનિય કાર્યવાહી હાથ ધરી છે. જીલ્લાના ચલાલી અને નદીસર ગામેથી ખનિજ વિભાગે બે કરોડ રૂપીયાનો મુદ્દામાલ કબ્જે કરી લેવામાં આવ્યો હોય જેને લઈ જીલ્લામાં ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# ગોધરા મેકેબ મેમોરીયલ હાઈસ્કુલ અને મેથોડીસ્ટ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે સલામતી સપ્તાહની ઉજવણી કરાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં શાળા સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજરોજ ગોધરાની મેકેબ મેમોરિયલ હાઈસ્કુલ અને મેથોડીસ્ટ ગર્લ્સ સ્કૂલ ખાતે શાળા દ્વારા વિદ્યાર્થીઓ શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય સાથે શાળા સલામતીની સમજ મેળવી શકાય તે હેતુસર જુદા જુદા વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક સારવાર, સંદેશા વ્યવહાર, જાગૃતિ કેળવણી વાહન વ્યવહાર,વ્યવસ્થાપન કેળવણી, શોધ બચાવ કેળવણી, આગ સામે સુરક્ષા મેળવવાની કેળવણી,તેમજ કેળવણી સ્થળ સુરક્ષા વગેરે વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી.



શાળા સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી નવનીત તનેજા અને અજીતસિંહ ભટ્ટીએ પ્રાથમિક સારવાર અંગે સમજણ આપી હતી. જેમાં વિદ્યાર્થીઓને બચાવ કામગીરી કેવી રીતે કરી શકાય તેની સમજ આપી સાથે પ્રાથમિક સારવાર ફર્સ્ટ એડ આંતરરાષ્ટ્રીય માનવ સેવાના કાર્યોની વિશેષ માહિતી પૂરી પાડવામાં આવી. વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણ કેવી રીતે વિકસાવી શકાય તેની વિગતવાર સમજ આપવામાં આવી હતી.૧૦૮ એમ્બ્યુલન્સની તાત્કાલિક બચાવ કામગીરી તથા સારવાર અંગેની માહિતી પણ આપવામાં આવી હતી.

ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને આપત્તિ સમયે આસપાસના લોકોનો જીવ કેવી રીતે બચાવી શકાય અને પ્રાથમિક સારવાર આપી શકાય તે માટે આપણી આજુબાજુના જોખમો ઓળખવા અને સાવચેત રહેવાના પગલા વિશે સમજૂતી આપી હતી તથા પ્રાથમિક સારવાર વિશે ડેમોસ્ટ્રેશન આપીને સુંદર સમજ આપવામાં આવી જેમાં શાળાના બાળકો શિક્ષકો આચાર્ય સુરેશભાઈ પરમાર અને વાલીઓ હાજર રહ્યા હતા.

# વાપીમાં રેઈન્બો હોસ્પિટલ દ્વારા મહિસાગરના દર્દીઓ પાસે મનઘડત બીલ વસુલવામાં આવતાં ગ્રાહક સુરક્ષા કોર્ટમાં દાવો માંડવાની પેરવી

ગોધરા,

વાપીની નામાંકીત ગણાતી રેઈન્બો હોસ્પિટલમાં મહિસાગર જીલ્લાના એક ઈજાગ્રસ્ત દર્દીને સારવાર અર્થે દાખલ કર્યા બાદ સાત દિવસમાં માત્ર સામાન્ય પાટાપીંડી કરીને અંતિમ અધધ... બીલ પકડાવી દેતાં પરિવારજનો ચોંકી ઉઠયા હતા. મેડિકલ કલેમ્પ તથા કેશલેસ કાર્ડ વાળા દર્દીઓના બીલમાં મનફાવે એવા ચાર્જ લગાવી મોટી રકમ પડાવી લેવાના ઈરાદે ડોક્ટર દ્વારા પોતાની મનમાની ચલાવી દર્દીઓ પાસે ઉઘાડી લૂંટ કરવામાં આવી રહી હોવાથી “ નામ બડો ઓર દર્શન ખોટે ” જેવો હોસ્પિટલ પ્રત્યેનો ઘાટ સર્જાતા પરિવારજનોમાં નારાજગી વચ્ચે ગ્રાહક સુરક્ષા કોર્ટમાં દાવો માંડવાની પેરવી કરી રહ્યા છે.





વાપી ખાતે આવેલી રેઈન્બો હોસ્પિટલમાં મહિસાગર જીલ્લાના એક એક્સિડન્ટ થયેલ દર્દીને દાખલ કરવામાં આવ્યો હતો. જેની સારવાર ઓર્થોપિડિક સર્જન ડો. સમીર પટેલ કરી રહ્યા હતા. દરમિયાન દર્દીના સગાવ્હાલાઓને દર્દીએ પહેલાં ડો. સમીર પટેલ સાથે વાત કરતા બે લાખ પચાસ હજારમાં બધા ઓપરેશન થઈ જશે, તેવી ખાત્રી આપી હતી પરંતુ એ દર્દીને હોસ્પિટલમાં ઈમ્પ્લાન્ટ સર્જરી કરી ૭ દિવસમાં પાંચ વાર ડ્રેસિંગ કરવામાં આવ્યું હતું અને ફ્રેકચરના કોઈપણ ઓપરેશન કરવામાં ન આવ્યું. તેમજ દર્દીના સગા સબંધી પાસે થી ૧,૮૨,૧૧૭/- નું બિલ વસૂલ કરવામાં આવ્યું હતું. વધુ માહિતી મળતાં જાણવા મળ્યું હતું કે, ૭ દિવસમાં ડોક્ટરની વિઝીટ ચાર્જ ૧૪,૮૦૦/- રૂપિયા વસૂલવામાં આવ્યો હતો. આ બાબતે દર્દી એ ગ્રાહક સુરક્ષામાં પણ ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવેલ છે. મહિસાગર જીલ્લાના ઈજાગ્રસ્ત દર્દીએ વહેલીતકે સારવાર મળે અને જીવનમાં લાંબાગાળે કોઈ વિકલાંગતમાં ન સપડાય તેવી આશા સાથે આ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયો હતો. પરંતુ “નામ બડે ઔર દર્શન ખોટે” તેવો ઘાટ ઘડાયો છે. કારણ કે, બિલ્ડીંગની ઝાકમઝોળ અને તબિબિ સાધન સુવિધાઓથી સજ્જ આ હોસ્પિટલમાં સારી સારવાર મળશે તેવી આશા સાથે દિવસો સુધી દાખલ રહ્યા હતા. પરિવારજનોને પણ દાખલ થયેલા દર્દીને સમયાંતરે યોગ્ય અને પુરતી તબિબિ સુવિધાઓ મળશે તેવો પણ આશાવાદ સેવ્યો હતો. પરંતુ હોસ્પિટલના તબિબિ સ્ટાફ દ્વારા દેખાડા પુરતી જ સારવાર કરી હતી. જે અયોગ્ય ગણાય માત્ર પાટાપીંડી અને ઈન્જેકશન જેવી સામાન્ય ગણાતી અને નજીવા દરે મળી આવતી દવા કર્યા બાદ અને અગાઉ જણાવેલી ચોક્કસ રકમ કરતા મસમોટી દર્દીના હાથમાં અધધ... રકકમનું બિલ પકડાવી દેતાં હોસ્પિટલમાં જ તેઓ માનસીક મુશ્કેલીમાં મુકાયા હતા. જો નિયમીતપણે દર્દીના તબિબિ સ્થિતી જોતાં એ પ્રમાણે પુરતી અને યોગ્ય દવાનો ઉપયોગ કરવામાં આવ્યો હોત તો રકમ લેખે લાગત પરંતુ માત્ર હોસ્પિટલમાં દાખલ કરી રાખીને કોઈપણ જાતની પુરતી દવા દારૂ કરવામાં ન આવીને માત્ર દર્દી પાસેથી રૂપીયા ખંખેરવાનો એક તરકીબ હોવાનો દર્દીના પરિવારજનો આક્ષેપ સાથે દાવો કરી રહ્યા છે. મેડિકલ ક્લેમ્પ તથા કેશલેસ કાર્ડ વાળા દર્દીઓ ના બિલ માં મનફાવે એવા ચાર્જ લગાવી મોટી રકમ પડાવી લેવાના ઈરાદે ડોક્ટર દ્વારા પોતાની મનમાની ચલાવી દર્દીઓ પાસે ઉઘાડી લૂંટ કરવામાં આવી હોવાનો અહેસાસ થયા બાદ સારવારના બિલ જોતા દર્દીના મોતીયા મરી ગયા તેવી માનસીક સ્થિતી સર્જાતી હવે કોર્ટમાં દાવો કરવાનું પરિવારજનો વિચારી રહ્યા છે.

# ગોધરા-રામસાગર તળાવ પાસે હોળી ચકલા પાસે પીપળાના ઝાડ ઉપર પતંગની દોરીમાં સમડીના ફાયર બ્રિગેડના જવાનો દ્વારા દિલ ધડક રેસ્ક્યુ

ગોધરા,

ગોધરા શહેરમાં આવેલા રામસાગર તળાવ પાસે આવેલ હોળી ચકલા પાસે એક પીપળાના ઝાડ ઉપર પતંગની દોરીમાં સમડી ફસાયેલી હાલતમાં લટકી રહ્યાની વર્દી ગોધરા ફાયર બ્રિગેડને મળી હતી. જેથી ફાયર બ્રિગેડના ફાયર બ્રિગેડ જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પતંગની દોરીમાં લટકી રહેલા સમડીનું દિલ ધડક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. જેમાં ફાયર બ્રિગેડના જવાનોએ કલાકોની જહેમત બાદ પતંગની દોરીમાં ફસાયેલા સમડીને કાઢી આબાદ રીતે બચાવી લેવામાં આવી હતી અને તાત્કાલિક જીવદયાની ટીમને સોંપવામાં આવ્યો હતો.

ગોધરા શહેરમાં ફાયર બ્રિગેડ ઓફિસ ખાતે એક વર્દી આપવામાં આવી હતી. જેમાં એક સમડી રામસાગર તળાવ ખાતે આવેલા હોળી ચકલા પાસે એક પીપળા ઝાડ ઉપર પતંગની દોરીની અને વાયરની અંદર ફસાયેલી હાલતમાં લટકી રહ્યું છે. જેથી ફાયર બ્રિગેડના ફાયર જવાન ક્રિષ્ના સોલંકી, મુકેશ ચાવડા, ભાવેશ ઠાકોર રામસાગર તળાવ ખાતે પહોંચી



પતંગની દોરી અને વાયરની અંદર ફસાયેલા સમડીનું દિલધડક રેસ્કયું કરી પતંગની દોરીમાંથી કાઢી જીવદયાની ટીમને સોંપવામાં આવ્યો હતો.

આમ, ફાયર બ્રિગેડની સરાહનીય કામગીરીને ગોધરાની જનતાએ બિરદાવી હતી. કારણ કે, ફાયર બિગેડની ટીમ આગજન્ય બનાવો સાથે સાથે આવા દિલધડક રેસક્યું કરીને પણ અબોલ પક્ષીઓને બચાવવાની કામગીરી કરતા જીવદયા પ્રેમીઓએ તેમની કામગીરીના વખાણ કર્યા હતા.

# શહેરા તાલુકાના બાહી કુમારશાળાનો શૈક્ષણિક પ્રવાસ

શહેરા,

શહેરા તાલુકાના બાહી ગામની બાહી કુમાર પ્રાથમિક શાળા માંથી તારીખ ૨/૨/૨૦૨૪ને શુક્રવારના દિવસે શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો. શૈક્ષણિક પ્રવાસમાં સ્ટેચ્યું ઓફ યુનિટી અને પોઈચાની મુલાકાત લેવામાં આવી. શાળાના બાળકોને શૈક્ષણિક પ્રવાસ કરાવવા માટે પ્રાથમિક શિક્ષણાધિકારીની મંજૂરી લઈ એસ.ટી. બસ મારફતે પ્રવાસ કરાવવામાં આવ્યો.



સ્ટેચ્યું ઓફ યુનિટીના એડિશનલ કલેક્ટર ગોપાલચંદ્ર બામણીયાના રેફરન્સથી બાળકોને સ્ટેચ્યું ઓફ યુનિટીનો શૈક્ષણિક પ્રવાસ કરાવવામાં આવ્યો. જેમાં બાળકોને સ્ટેચ્યું ઓફ યુનિટી એકતાનગર ના વિવિધ જોવાલાયક સ્થળોની મુલાકાત કરાવવામાં આવી. જંગલ સફારી અને ફલાવર વેલી તેમજ સ્ટેચ્યું ઓફ યુનિટી પ્રદર્શન અને વ્યુઈંગ ગેલેરી સુધીની મુલાકાત બાળકોએ લીધી. સુરપાણેશ્વર મહાદેવ મંદિરના દર્શન કરી એકતા નર્સરીની મુલાકાત લેવામાં આવી. પોઈચામાં પણ બાળકોએ મુલાકાત લઈ મજા માણી.

સ્ટેચ્યું ઓફ યુનિટીનો શૈક્ષણિક પ્રવાસ સ્ટેચ્યું ઓફ યુનિટીના એડિશનલ કલેકટર ગોપાલચંદ્ર બામણીયાના સહકારથી ખૂબ સરસ રીતે કરવામાં આવ્યો. જેમાં તરફથી બાળકોને સવારસાંજ જમવાનું આપવામાં આવ્યું. તેમજ સ્ટેચ્યું ઓફ યુનિટીના વિવિધ સ્થળોએ ગાઈડની અને બીજી બધી રીતે સગવડ પૂરી પાડવામાં આવી. બાહી કુમાર શાળા ગોપાલચંદ્ર બામણીયાનો ખૂબ ખૂબ આભાર માને છે. સ્ટેચ્યું ઓફ યુનિટીનો શૈક્ષણિક પ્રવાસ બાહી કુમાર શાળાના બાળકો માટે ખૂબ રોમાંચક અને રસપ્રદ રહ્યો.

અવતાર
સર્જીકલ હોસ્પિટલ
પ્રસુતિગૃહ અને સોનોગ્રાફી સેન્ટર
સ્ત્રી રોગના નિષ્ણાંત
ડો.આર.કે. ત્રિવેદી
M.B.B.S., D.G.O.
: સુવિધા :
- સ્ત્રી રોગ નિદાન તથા સારવાર.
- પ્રસુતિગૃહ.
- સોનોગ્રાફી.
- ગર્ભપાત કેન્દ્ર.
- કુટુંબ નિયોજન ઓપરેશન.
- ગર્ભાશયને લગતા તમામ ઓપરેશન.
- કેન્સર નિદાન કેન્દ્ર.
- વધ્યત્વ નિવારણ કેન્દ્ર.
ફોન : (૦૨૬૭૫) ૨૨૦૧૫૮
કોલેજ રોડ, સંતરામપુર, જી.મહીસાગર

સાવિત્રીબેન હોસ્પિટલ
ડો.ધ્રુવલ ભાવસાર
M.B.B.S., M.S. (obs.&Gynae.)
પ્રસુતિ અને સ્ત્રી રોગના નિષ્ણાંત
એક્સ ગાયનેકોલોજીસ્ટ સી.એચ.સી. - ઝાલોદ.
સ્ટેટ હોસ્પિટલ - સંતરામપુર
પ્રિપલ હોસ્પિટલ - સંતરામપુર
: ઉપલબ્ધ સુવિધા :
- સગર્ભાવસ્થાની સંપૂર્ણ તપાસ.
- સ્ત્રીરોગનું સચોટ નિદાન.
- નોર્મલ, જોખમી તથા સિઝેરીયાન ડીલેવરીની સુવિધા.
- ગર્ભાશયના ટાંકાવાળા, ટાંકા વગરના તથા
- લેપ્રોસ્કોપી દ્વારા ઓપરેશન.
- 3D-4D સોનોગ્રાફી અને કલર ડોપ્લર.
- કેન્સરનું નિદાન (પેપ સ્મીયર અને બાયોપ્સી).
- સરકાર માન્ય કુટુંબ નિયોજનના ઓપરેશનની સુવિધા.
- કુટુંબ નિયોજન ઓપરેશન ખોલવાની સુવિધા.
- મેડીકલેઈમની સુવિધા.
ફોન : ૦૨૬૭૫-૨૯૬૯૦૦ / મો.૯૧૭૯૧૭૦૧૯૧
બેંક ઓફ બરોડાની બાજુમાં, કોલેજ રોડ, સંતરામપુર, જી.મહીસાગર

Geeta
Children Hospital
Child Specialist And Neonatologist
Dr.Dhiraj Kumar Choudhry
M.D.(Ped)
Ph. : 02675-221544 /
Mo. : 94265 25593
Godhra Bhagol Road, Santrampur, Mahisagar
: ઉપલબ્ધ સુવિધા :
- બાળ સખા યોજના અંતર્ગત B.P.L. બાળકો માટે જન્મથી ૧ માસ સુધી મફત સારવારની સગવડ.
- N.I.C.U., N.P.I.C.U. ની સગવડ.
- અધુરા માસે જન્મેલા નવજાત શિશુ માટે ઈંક્યુબેટર (કાચની પેટી)ની ખાસ સગવડ.
- રેડીયંત વોર્મર, ઈન્ફ્યુઝન પંપ, મલ્ટીપારામોનીટર, પલ્સ ઓક્સીમીટરની સવગડ.
- કમળાની સારવાર અને ફોટો થેરાપીની સગવડ.
- શ્વાસના રોગની સારવાર માટે (ન્યુબીલાઈઝર)ની સગવડ.
- ૨૪ કલાક ઓક્સિજન અને જનરેટરની સુવિધા.
- વેલ બેબી કલીનીક/રસીકરણ કેન્દ્ર.

શ્રધ્ધા હોસ્પિટલ
પ્રસુતિગૃહ અને સર્જીકલ નર્સિંગ હોમ
ડો.બી. કે. પટેલ
M.B., D.G.O.
Regd.No. : 9573
સોનોગ્રાફી, લેપ્રોસ્કોપી સેન્ટર
ફોન : ૦૨૬૭૫-૨૨૧૮૬૬
કોલેજ રોડ, સંતરામપુર, જી.મહીસાગર